અંકુશ રેખા પર પાક.નો ભીષણ ગોળીબાર

નવી દિલ્હી,તા. ૨૫

પાકિસ્તાની સૈનિકોએ ફરી એકવાર યુદ્ધ વિરામનો ભંગ કરીને ભારતને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો છે. મળેલી માહિતી મુજબ જમ્મુ અને કાશ્મીરમાં ટૂટમારી ગલી સેક્ટરમાં અંકુશરેખા ઉપર યુદ્ધ વિરામનો ભંગ કરીને પાકિસ્તાની સૈનાએ ભારતીય ચોંકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ભારતીય સૈનાના એક બ્રિગેડિયર સ્તરના અધિકારી અને બે જવાનને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગોળીબારના કારણે થોડાક સમય માટે અંકુશ રેખા ઉપર તંગદિલી ફેલાઈ ગઈ હતી. બ્રિગેડિયર સંજીવ લાંઘરને આ ગોળીબારમાં નજીવી ઈજા થઈ હતી. જ્યારે અન્ય બે જવાનોને પણ ઈજા થઈ હતી. સેનાના સૂત્રોએ કહ્યું છે કે મોડી રાત્રે અંકુશ રેખા પર કાશ્મીરમાં ટૂટમારી ગલીમાં ભારતીય ચોંકી પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. પાકિસ્તાની સેનાએ કરેલા ગોળીબારના જવાબમાં ભારતીય સેનાએ પણ ગોળીબાર કર્યો હતો. સામ સામે ગોળીબારની રમઝટ થોડાક સમય સુધી જારી રહી હતી. પાકિસ્તાની સૈનાએ આ ગોળીબારમાં મોર્ટાર અને નાના હથિયારોનો ઉપયોગ કર્યો હતો. ભારતીય ચોંકીઓ ઉપર ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ગોળીબારથી તંગદિલી ઊભી થઈ ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે જાન્યુઆરીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ગંભીર મતભેદો અને વિસ્ફોટક સ્થિતિ ઊભી થઈ હતી. કારણ કે પાકિસ્તાની સૈનિકોએ અને તોયબાના આતંકવાદીઓએ ઘૂસણખોરી કરી લીધી હતી અને બે ભારતીય જવાનો લાન્સ નાયક સુધાકરસિંહ અને હેમરાજના ગળા કાપી નાંખ્યા હતા. આ બનાવથી ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. આ બનાવ બાદ અંકુશ રેખા પર અને ખાસ કરીને જમ્મુમાં ક્રિષ્ના ઘાટી સેક્ટરમાં તંગદિલી રહી હતી. પરિસ્થિતિ મોડેથી હળવી બનાવવામાં આવી હતી.

અંકુશરેખા પર તંગદિલી

- પાકિસ્તાની સેના દ્વારા અંકુશ રેખા પર ફરી ગોળીબાર
- ટૂટમારી ગલી સેક્ટરમાં અંકુશ રેખા પર ભારતીય ચોંકીઓને ટાર્ગેટ બનાવી ગોળીબાર કરાયો
- બ્રિગેડિયર સંજીવ લાન્ઘરને ઈજા થઈ
- પાકિસ્તાની સેનાના ગોળીબારમાં જવાબમાં ભારત દ્વારા પણ ગોળીબાર કરવામાં આવ્યો
- પાકિસ્તાની સૈનાએ ભારતીય ચોંકીઓને ટાર્ગેટ બનાવવા મોર્ટાન અને નાના હથિયારનો ઉપયોગ કર્યો
- જાન્યુઆરીમાં બે સૈનિકોની ઘાતકી હત્યા બાદ તંગદિલી ફેલાઈ ગઈ હતી
- પાકિસ્તાની સેના દ્વારા ફરી કૃત્ય કરાયું
- પાકિસ્તાની સેનાના પક્ષને કોઈ ઈજા ન થઈ
- આતંકવાદીઓને જમ્મુ કાશ્મીરમાં ઘૂસાડવાનો મુખ્ય હેતુ

ફિક્સીંગમાં ગુરુનાથ મેયપ્પન ૨૯મી સુધી પોલીસ કસ્ટડીમાં

મુંબઈ,તા. ૨૫

આઈપીએલ સ્પોટ ફિક્સીંગના મામલામાં દરરોજ નવી નવી વિગતો સપાટી પર આવી રહી છે. આના ભાગરૂપે હવે વધુ એક વિગત સપાટી પર આવી છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના વડા એન શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ મયપ્પનને ૨૯મી મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. શહેરી વિકાસ અને સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ છે કે આઈપીએલ સ્પોટ ફિક્સીંગના મામલામાં એક પછી એક વિગતો ખુલી રહી છે. સ્પોટ ફિક્સીંગ કેસમાં જમાઈની ધરપકડ કરવામાં આવ્યા બાદ પ્રથમ વખત શ્રીનિવાસને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. મયપ્પનની ગઈકાલે રાત્રે જ ધરપકડ કરી લેવામાં આવી હતી. ચેન્નઈ સુપર કિંગ્સના માલિક અને બીસીસીઆઈના વડાના જમાઈ મયપ્પનને આઈપીએલની મેચો પર જંગી સટ્ટો મુકયો હતો. સાથે સાથે બુકીઓ સાથે ટીમની વ્યૂહરચનાની વિગતોની પણ આપલે કરી હતી. મુંબઈ પોલસે કોર્ટ સમક્ષ આજે આ મુજબનો દાવો કર્યો હતો. મેટ્રો પોલીટન મેજિસ્ટ્રેટ એમપી પધીએ મયપ્પનની કસ્ટડી ક્રાઈમ બ્રાંચને સોંપી દીધી હતી. ક્રાઈમ બ્રાંચે કહ્યુ હતુ કે તેની વધુ કસ્ટોડિયલ પુછપરછની જરૂર છે. આઈપીએલ બેટિંગ કૌભાંડને પર્દાફાશ કરવા વધુ પુછપરછની જરૂર છે. પોતાની રિમાન્ડ અરજીમાં પોલીસે કહ્યુ હતુ કે ચેન્નઈ ફ્રેન્ચાઈસીસની મુખ્ય ટીમના માલિકની ગઈકાલે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. રિમાન્ડ અરજીમાં જણાવાયુ છે કે ક્રાઈમ બ્રાંચ મયપ્પનના પાકિસ્તાની એમ્પાયર અસાદ રોફ સાથે સંબંધોમાં પણ તપાસ કરવામાં આવનાર છે. અસાદ રોફના ઘણા બુકીઓ સાથે સંબંધ રહેલા છે. ક્રાઈમ બ્રાંચે પોતાની અરજીમાં એમ પણ કહ્યુ છે કે બોલિવુડ અભિનેતા વિંદુ અને મયપ્પન વચ્ચે નાણાંકીય લેવડદેવડના મામલામાં પણ તપાસની જરૂર છે. આઈપીએલની મેચો દરમિયાન ફોન કોલની આપલે પણ કરવામાં આવી હતી. ગુરુએ જ્યારે મેચો ચાલતી હતી ત્યારે વિંદુને ફોન કર્યા હતા. વિંદુએ ત્યારબાદ માહિતી સાથે બુકીઓને ફોન કર્યા હતા. ચેન્નઈથી મેયપ્પન દ્વારા ઉપયોગ કરાયેલા ચાર મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે.

શ્રીનિવાસનને સસ્પેન્ડ કરી દેવા ક્રિકેટ બોર્ડની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૫

બીસીસીઆઈના પ્રમુખ તરીકે એનશ્રીનિવાસનના દિવસો હવે ગણતરીના રહી ગયા છે કારણ કે બોર્ડમાં પણ શ્રીનિવાસનની હકાલપટ્ટી કરવા માટેની ચર્ચા વિચારણા શરૂ થઈ ગઈ છે. બોર્ડના સભ્યો એમ પણ માની રહ્યા છે કે ભારતીય ક્રિકેટને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સીંગના મામલા બાદ જો શ્રીનિવાસન રાજીનામુ ન આપે તો તેમની સામે સસ્પેન્શનની કાર્યવાહી થવી જોઈએ અને તેમને સસ્પેન્ડ કરી દેવા જોઈએ. શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ મેયપ્પનની ધરપકડ કરવામાં આવ્યા બાદ મેયપ્પનની ૨૯મી મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. શ્રીનિવાસનની હકાલપટ્ટીનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. શહેરી વિકાસ અને સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ છે કે શ્રીનિવાસને બીસીસીઆઈના પ્રમુખના હોદ્દાથી રાજીનામુ આપવું જોઈએ. તેમની સ્થિતિ હવે શંકાના ઘેરામાં આવી ગઈ છે. શ્રીનિવાસને પોતે પણ પ્રથમ વખત મીડિયા સમક્ષ વાત કરી છે. શ્રીનિવાસને પુનરોચ્ચાર કર્યો છે કે ક્રિકેટ બોર્ડના પ્રમુખના હોદ્દા પરથી તેઓ રાજીનામુ આપશે નહીં. શ્રીનિવાસનને આગામી દિવસોમાં તીવ્ર દબાણ સમક્ષ ઝુકીને રાજીનામુ આપી દેવું પડે તેવું ચિત્ર ઉપસી રહ્યુ છે. જો કે શ્રીનિવાસન પોતે હજુ રાજીનામાના મૂડમાં દેખાઈ રહ્યા નથી. યુપીએ સરકાર તરફથી પણ હવે શ્રીનિવાસન પર દબાણ વધારવામાં આવી રહ્યુ છે. મેયપ્પન સકંજામાં આવ્યા બાદ શ્રીનિવાસન મુશ્કેલીમાં છે.

ભારતમાં હજુય શિક્ષકોની ૭ લાખ જગ્યાઓ ખાલી છે

નવી દિલ્હી,તા. ૨૫

દેશમાં શિક્ષકોની વ્યાપક તંગી હજુ પણ પ્રવર્તી રહી છે. શિક્ષણના સ્તરને સુધારવા માટે મોટાપાયે પગલાં લેવામાં આવી રહ્યા હોવા છતાં દેશમાં શિક્ષકોના સાત લાખ હોદ્દાઓ હજુ ખાલી પડેલા છે. આ હોદ્દાઓને ભરવા માટે કાર્યવાહી ચાલી રહી છે પરંતુ આ સંખ્યા ખૂબ મોટી હોવાથી ટૂંકમાં ભરી શકાશે નહીં. મધ્ય પ્રદેશમાં શિક્ષકોના ૭૯૧૧૦ હોદ્દાઓ ખાલી છે. જ્યારે દેશમાં ૬.૯૬ લાખ શિક્ષકોની જગ્યા ખાલી છે. આ આંકડા માનવ સંશાધન વિકાસ મંત્રાલયના જણાવ્યા મુજબ દેશભરમાં પ્રાથમિક શિક્ષણના સ્તર ઉપર શિક્ષકોના ૩ લાખ હોદ્દાઓ ખાલી છે. આકડા ઉપર નજર કરવામાં આવે તો બિહારમાં શિક્ષકોને ૨.૦૫ લાખ જગ્યાઓ ખાલી છે. સૌથી વિકસિત ગણાતા ગુજરાતમાં પણ શિક્ષકોની મોટી સંખ્યા હજુ ભરવામાં આવી નથી. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા અને જુદી જુદી રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના સ્તરને સુધારવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે તેવા દાવા ખોટા સાબિત થઈ રહ્યા છે.

ચેન્નાઈ-મુંબઈની વચ્ચે આજે ફાઈટ ટુ ફિનીશ જંગ ખેલાશે

કોલકાતા,તા. ૨૫

ઈન્ડિયન પ્રીમીયર લીગની ફાઈનલ મેચ માટેનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. આવતીકાલે મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ફાઈટ ટુ ફિનીશ જંગ ખેલાશે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અગાઉ પણ બે વખત ચેમ્પિયન બની ચૂકી છે. ત્રીજી વખત ચેમ્પિયન બનવાની ચેન્નાઈ સુપરને તક રહેલી છે. આવતીકાલે રમાનારી આ મેચમાં ધોનીની ટીમ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. કારણ કે પ્રથમ ક્વાલિફાઈડ મેચમાં ચેન્નાઈ સુપરે મુંબઈ ઉપર જીત મેળવી હતી પરંતુ મુંબઈ ઈન્ડિયન્સે છેલ્લા તબક્કામાં અતિ રોમાંચક તબક્કામાં પહોંચેલી બીજી ક્વાલિફાઈડ મેચમાં રાજસ્થાન રોયલ્સને ચાર વિકેટે હરાવીને ફાઈનલમાં પહોંચવામાં સફળતા મેળવી હતી. પ્રથમ ક્વાલિફાઈડ મેચમાં હારી ગયા બાદ મુંબઈ ઈન્ડિયન ટીમ આવતીકાલે સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા ઈચ્છુક છે. મુંબઈ ઈન્ડિયન્સ ટીમના તમામ ખેલાડીઓ આ મેચમાં તમામ કુશળતા દર્શાવવા તૈયાર છે જ્યારે ધોનીની ટીમ પહેલાથી જ હોટ ફેવરિટ બનેલી છે.

ધોનીની ટીમમાં માઈક હસી આ વખતે સૌથી શક્તિશાળી બેટ્સમેન તરીકે ઊભરી આવ્યો છે. માઈક હસ્સીએ આઈપીએલમાં સૌથી વધુ રન બનાવ્યા છે. માઈક હસ્સી ઉપરાંત મુરલી વિજય, રવિન્દ્ર જાડેજા, અશ્વિન, રૈના સહિતના ખેલાડીઓ છવાઈ જવા માટે તૈયાર છે. રૈના પણ ખૂબ સારા ફોર્મમાં ચાલી રહ્યો છે. તમામ ખેલાડીઓના ફોર્મને જોતા ચેન્નાઈ હોટ ફેવરિટ છે. બીજી બાજુ મુંબઈના ટીમના ખેલાડીઓ પણ ફાઈનલમાં પહોંચ્યા બાદ પ્રથમ હારનો બદલો લેવા માટે તૈયાર છે. આઈપીએલ ફાઈનલનો તખ્તો તૈયાર થઈ ગયો છે. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી હરભજનસિંહ, કિરોન પોલાર્ડ, લાસિંત માલિંગા, સચિન તેંડુલકર સહિતના ખેલાડીઓ પોતાની ટીમને જીત અપાવવા પ્રયાસ કરશે. સ્મીથ, કેપ્ટન રોહિત શર્મા પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા છે. આવતીકાલની મેચ ભારે રોમાંચક બનવાની હોવાથી મેચને લઈને પણ ચાહકો રોમાંચક બનેલા છે.

અનાથ યુવાનોને સેનાના સામેલ થવાની સુવર્ણ તક

નવી દિલ્હી,તા. ૨૫

ભારતીય સૈનાએ અનાથ યુવાનોને સૈનામાં ભરતી થવાની તક આપવા નિયમોમાં કેટલાક ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. ભરતી નિયમો હળવા કરવામાં આવ્યા બાદ રાહત થઈ છે. આ નિયમો હળવા કરવામાં આવ્યા બાદ અનાથ યુવાનો પણ ભારતીય સૈનામાં સામેલ થઈ શકશે. મળેલી માહિતી મુજબ સૈનાના પ્રમુખ જનરલ વિક્રમસિંહે અનાથ યુવાનોને ભરતી કરવા માટે નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. જેથી રાહત થશે. આ અગાઉ આવા યુવાનોને પોતાના જન્મની સાચી તારીખ, માતાપિતાના નામ, પોતાની જાતિ સંબંધીત માહિતી ઉપલબ્ધ કરાવવામાં ઘણી સમસ્યાનો સામનો કરવો પડતો હતો. આવી સ્થિતિમાં તેમને સૈનામાં સામેલ થવાની તક મળતી ન હતી. અધિકારીઓએ કહ્યું છે કે હવેથી અનાથ યુવાનોને જન્મ તારીખના પ્રમાણના સ્વરૂપમાં મેટ્રીક માટેનું પ્રમાણપત્ર જ આપવું પડશે. અન્ય નિયમોમાં પણ રાહત આપવામાં આવી છે. નવી નીતિ હેઠળ માતા-પિતાની વિગતો ઉપલબ્ધ નહીં હોવાની સ્થિતિમાં ભરતી કેમ્પ દ્વારા અનાથ આશ્રમના નામને સ્વીકૃત કરવામાં આવશે. જ્યાં સુધી જાતીની વાત છે. અનાથોને અખિલ ભારતીય અખિલ જાતિ શ્રેણીમાં રાખવામાં આવશે. ભારતીય સૈનામાં જાતિ એક મહત્વપૂર્ણ તારણ છે. કારણ કે જાતિ આધારિત ઇન્ફેન્ટ્રી રેજિમેન્ટમાં આ યુવાનોને ગોઠવવામાં આવે છે. આવી સ્થિતિમાં આ વખતે સૈનામાં ભરતી થનાર યુવાનોની સંખ્યામાં વધારો થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. ભારતીય સૈના દ્વારા નોકરીમાં આપવામાં આવેલી આ રાહતથી અનાથ બાળકોને ભારતીય સૈનામાં સામેલ થઈને સેવા કરવાની વધારે તક મળશે.

લઘુકથા (અપરાધી કોણ?) (પાના નં. ૪ નું ચાલુ)

તમારા બેંક રજીસ્ટરની મુમેન્ટ ડાયરીમાં તમે બપોરના ૧ ૨ થી ૧ બહારની એન્ટ્રી કરી છે તે તપાસ કરતાં જણાયું છે, સમીરે હવે ગભરાયેલાં સ્વરમાં 'હા' પાડતાં એડવોકેટે ખૂબ જ ઉંચા સાદમાં કહ્યું કે આ સમય દરમિયાન જ તમે 'રૂપમતી'નું ખૂન-ખૂન-ખૂન કર્યું છે. બોલો સમીર? સમીરે આખે શરીરે પરસેવો પરસેવો થતાં સ્વીકાર્યું કે 'રૂપમતી'નું ખૂન મેં જ કર્યુ છે. મારો ખૂન કરવાનો ઈરાદો ન હતો પરંતુ મારી અઘટીત માંગણીથી 'રૂપમતી' ઉશ્કેરાઈ ગઈ હતી અને દોડીને રસોડામાંથી ચપ્પુ લઈ મને મારવા આવી હતી, ત્યારે મેં તેનો હાથ પકડી રાખ્યો હતો અને આ ઝપાઝપીમાં તેના હાથે જ તેણીને છાતીમાં તથા પેઢુમાં ચપ્પુના ઘા વાગ્યા હતા. પુષ્કળ લોહી નીકળતાં હું ગભરાઈ ગયો હતો, ઘરમાં તથા સોસાયટીની બહાર નીકળતાં કોઈ સામે મળ્યું ન હતું, તેથી ગભરાટને ગભરાટમાં હું સોસાયટીના ઝાંપાની બહાર નીકળી, મારા વાહન ઉપર બેંકમાં આવી જાણે કંઈ જ બન્યું નથી તેવી રીતે બેસી ગયો હતો પરંતુ ત્યારે મને ખબર પડી કે મારું 'આઈકાર્ડ' ત્યાં પડી ગયું છે જે મારું આજે વેરી બન્યું છે. આથી વિશેષ મારે કંઈ કહેવું નથી હું ખુની છું તેથી નામદાર કોર્ટ મને જે શિક્ષા કરશે તે માન્ય રહેશે.

ત્યારબાદ એડવોકેટ ચંપકલાલે કહ્યું, ગુનેગાર ગમે તેટલો ચાલાક કે હોંશિયાર હોય છે પરંતુ ગભરાટમાં ને ગભરાટમાં કોઈ નિશાની અચુક મુકતો જાય છે, તમારું આઈકાર્ડ મારી નિશાની હતી. પોતાની દલીલ પુરી કરતાં એડવોકેટ 'સમીર'ને સજાની રજૂઆત કરે છે. જે નામ. કોર્ટે માન્ય રાખતાં, સમીરને આજીવન કેદની સજા ફરમાવવામાં આવે છે. આમ ખૂબ જ ગુંચવાયેલ ખૂન પ્રકરણનો ખરો ખૂની ઝડપાઈ ગયો. હાલમાં ઉદ્યોગપતિ શ્યામલાલ બાળકોની સંભાળ લેતાં લેતાં એકાકી જીવન પસાર કરી રહ્યા છે.

ઈન્ફોસિસે ૧૦ ટકાનો પગાર વધારો કરી દીધો

બેંગ્લોર,તા. ૨૫

ઈન્ફોસિસે તેના કર્મચારીઓ અને ઘણા બધા ઉદ્યોગ સાહસિકોને ૧૦ ટકા પગાર વધારો આપીને તમામને ચોંકાવી દીધા છે. કંપની નિરાશાજનક નાણાંકીય દેખાવ બાદ કંપની કર્મચારીઓને વધારે ઈન્ક્રિમેન્ટ આપશે નહીં તેને લઈને ચાલી રહેલી અટકળોનો આની સાથે જ અંત આવી ગયો છે. ભારતની બીજી સૌથી મોટી કંપની તેની સેલ્સ ટીમને ઈન્ક્રિમેન્ટ લેટરો આપી દીધા છે. સાથે સાથે બઢતી મેળવનાર કર્મચારીઓને પણ ઈન્ક્રિમેન્ટ વધારાના પત્રો આપવામાં આવ્યા છે. જો કે પગારવધારો તબક્કાવાર રીતે અન્ય વિભાગમાં પણ લાગુ પડશે. આ ઘટનાક્રમ પર નજર રાખી રહેલા સત્તાવાર સુત્રોએ આ અંગેની માહિતી આપી છે. પગારમાં વધારા અને બિનજરૂરી ખર્ચ પર અંકુશ મુકવા અંગે એક પ્રશ્નના જવાબમાં ઈન્ફોસિસે કહ્યુ છેક અમારા કર્મચારીઓએ શ્રેષ્ઠ કામગીરી અદા કરી છે. તેમની શ્રેષ્ઠ કામગીરીના પરિણામ સ્વરૂપે તેમને ભાગરૂપે વળતર આપવામાં આવી રહ્યુ છે. પગારમાં વધારો કંપનીના રેવેન્યુ ગ્રોથની સરખામણીમાં વધારે છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં કંપનીના નફામાં ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે પગારમાં વધારો ઓક્ટોબરમાં અપાયો હતો તે વખતે કંપની ઈન્ડસ્ટ્રીઝમાં કેટલાક લોકો તરફથી દબાણ હેઠળ આવી ગઈ હતી.ઓફશોર કર્મચારીઓને છ ટકા વધારો અપાયો હતો જ્યારે ઓનસાઈટ કર્મચારીઓને ત્રણ ટકાનો વધારો અપાયો હતો. તાજેતરમાં જ સ્ટોક એક્સચેન્જ ફાઈલીંગમાં કંપનીએ કહ્યુ છે કે પગાર વધારો સ્પર્ધાત્મક દબાણના કારણે ખૂબ જરૂરી બની ગયો હતો. કંપનીનું એમ પણ કહેવુ છે કે હાલમાં તીવ્ર ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે.

આ સ્પર્ધાના પરિણામ સ્વરૂપે કર્મચારીઓને યોગ્ય વળતર મળે તે જરૂરી છે. ભૂતકાળમાં જે ગતિથી વળતર મળતું હતુ તેની સરખામણીમાં હવે વધારે ઝડપથી વળતર આપવાની સ્થિતિ સર્જાઈ છે. પગારના ખર્ચને ઓછો રાખવાના હેતુસર ઓછા લેબરવાળા મજુરો શોધવાની પણ ફરજ પડી રહી છે. વર્તમાન પ્રવાહને જોતા આગામી દિવસોમાં અન્ય કંપનીઓને પણ આવી સ્થિતિમાંથી પસાર થવાની ફરજ પડી શકે છે. ભારતમાં હાલ પગારમાં વધારો અમેરિકા કરતા પણ ઝડપી હોવાનું જાણવા મળ્યુ છે. અમેરિકામાં આર્થિક મંદીમાંથી કંપનીઓ બહાર નીકળી રહી છે.

કર્ણાટકમાં પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યુ

કર્ણાટકમાં પ્રધાન પદ મેળવવા માટે ભારે દબાણ લાવી રહેલા ધારાસભ્યોમાં જોરદાર અસંતોષ ફેલાયા બાદ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્દારામૈયાએ આજે વિપક્ષના ભૂતપૂર્વ નેતા એસઆર પાટીલને સામેલ કરીને તેમના પ્રધાન મંડળનું વિસ્તરણ કર્યુહતુ. પાટીલને રાજભવન ખાતે રાજ્યપાલ એચઆર ભારદ્વાજે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી સાથે ખૂબ સારા સંબંધો ધરાવનાર પાટીલનો સમાવેશ હવેઅન્ય ધારાસભ્યોને નારાજ કરે તેવી શક્યતા છે. કોંગ્રેસના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે કોંગ્રસના ઘણા સભ્યો પ્રધાન પદ મેળવવા માટે મથામણ કરી રહ્યા છે. દરમિયાન ધારાસભ્યો વિરાન્ના અને સી મોટામ્મા એઆઈસીસીના પ્રમુખ સોનિયા ગાંધીને આજે દિલ્હીમાં મળ્યા હતા અને પ્રધાન મંડળમાં કોઈ સિનિયર સભ્યને તક આપવાની વિનંતી કરી હતી. અગાઉની ભાજપ સરકારની અવધિમાં વિપક્ષના નેતા રહી ચુકેલા પાટીલ પ્રધાન પદ મેળવનાર ઉપલાગૃહમાંથી એક માત્ર સભ્ય છે.

સેમીફાઈનલમાં જોકોવીક અને નડાલ આમને સામને આવશે

પેરિસ,તા. ૨૫

ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ આડે ખૂબ ઓછા દિવસો રહી ગયા છે ત્યારે ડ્રોની જાહેરાત કરી દેવામાં આવી છે. જાહેર કરવામાં આવેલા ડ્રો મુજબ ટેનિસ ચાહકોને સેમી ફાઈનલમાં જોકોવીક અને નદાલ આમને સામને આવે તેવી મેચ જોવા મળી શકે છે. જો બંને ખેલાડીઓ પોતપોતાની મેચ જીતીને આગળ વધશે તો બંને સામ સામે આવી શકે છે. બીજી બાજુ મહિલાઓના વર્ગમાં હોટ ફેવરિટ ગણાતી સેરેના વિલિયમ્સ અને શારાપોવાને સરળ ડ્રો મળી ગયા છે. ડ્રોની જાહેરાત કરવામાં આવ્યા બાદ ફ્રેન્ચ ઓપન માટે કોણ કયા રાઉન્ડ સુધી પહોંચશે તેને લઈને ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી જોકોવીક અને ત્રીજા ક્રમાંકિત સ્પેનિસ ખેલાડી રોજર ફેડરર સેમીફાઈનલમાં આમને સામને આવી શકે છે.

બીજી બાજુ રોજર ફેડરરને આ વખતે કોઈ તકલીફ ન પડે તેવી શક્યતા છે. બીજા ક્રમાંકિત ફેડરરને નડાલ અને જોકોવીક વચ્ચે વિજેતા બનનાર ખેલાડી સામે ફાઈનલમાં જ રમવાની તક માનવામાં આવે છે. ગયા વર્ષે નડાલ સામે હારી ગયેલા જોકોવીકે હજુ સુધી ફ્રેન્ચ ઓપનમાં કોઈપણ સ્પર્ધા જીતી નથી. કેરિયર ગ્રાન્ડસ્લેમની સીધી મેળવવા માટે જોકોવીકને અહીં જીત મેળવવી જરૂરી છે. જોકોવીક પોતાની પ્રથમ મેચ બેલ્જિયમના ડેવીડ ગોફીન સામે રમશે. ૨૨ વર્ષીય બેલ્જિયમ ખેલાડી પણ સારા ફોર્મમાં છે. વર્ષ ૨૦૦૯ના ચેમ્પિયન ફેડરરે પોતાની ૧૮મી ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયનશીપ જીતવાની તૈયારી કરી લીધી છે. નડાલ જર્મનીના ડેનિયલ બ્રાન્ડ સામે રમીને પોતાની ઝુંબેશની શરૂઆત કરશે. નડાલ ફ્રેન્ચ ઓપનમાં અભૂતપૂર્વ રેકોર્ડ ધરાવે છે. તે આઠ વખત ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતી ચૂક્યો છે. અહીં તેનું એક ચક્રીય શાસન રહ્યું છે. નડાલને ફ્રેન્ચ ઓપનમાં રોકવાની બાબત કોઈપણ ખેલાડી માટે સરળ નથી. એન્ડી મુરે ઈજાના કારણે સ્પર્ધામાંથી ખસી ગયો છે. મહિલાઓના વર્ગમાં મારિયા સારાપોવાને સરળ ડ્રો મળ્યો છે. ત્રીજા રાઉન્ડમાં નડાલને લુકાસ સામે રમવાની જરૂર પડશે.

પૂંચમાં ભાગેડુ આતંકવાદી કુટુંબ સાથે અંતે ઝડપાયો

પૂંચ,તા.૨૫

જમ્મુ-કાશ્મીરનાં પૂંચ જિલ્લામાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરથી પોતાનાં ઘરે પાછાં ફરી રહેલાં પૂર્વ આતંકવાદી અને તેનાં પરિવારનાં અન્ય ચાર સદસ્યોની પોલીસે ધરપકડ કરી લીધી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, પૂર્વ આતંકવાદી નાઝીર હુસૈન તેની પત્ની અને તેમજ ત્રણ બાળકો સાથે નઝીર પીઓકેથી પૂંછ ખાતેના તેનાં ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે પૂંછના સુરંનકોટમાં તેને ઝડપી લેવામાં આવ્યો હતો. અગાઉથી મળેલી સૂચના મુજબ બાતમીના આધારે પૂંછનાં સિનિયર પોલીસ અધિકારી શમશેર હુસૈનનાં નેતૃત્વ હેઠળ પોલીસની એક ટીમે સુરનકોટ ખાતેનાં જોગીમઢ વિસ્તારમાં નઝીર હુસૈન તેની પત્ની અને બાળકોને ઘેરી લીધા હતાં. સરકારી નીતિ અનુસાર જે આતંકવાદીઓ હિંસા છોડી દેશે અને ભારત પ્રત્યે તેમની વફાદારી જાળવી રાખવા માટેની પ્રતિજ્ઞા લે છે. નઝીર ૨૦૦૧માં પીઓકે ભાગી છૂટ્યો હતો અને તેણે આતંકી તાલિમ લીધી હતી. ત્યારબાદ તે હુજીમાં સામેલ થયો હતો.

સમાચાર ઝલક

- **અમદાવાદમાં બુકીની ધરપકડ- કરોડો રૂપિયાના સોનાના બિસ્કીટ મળ્યા.**
- **કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલના જન્મ દિવસે તેમની પત્ની દ્વારા કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન કરાયું.**
- **અફઘાનિસ્તાનમાં ભારતીય રાજગૃહ ખાતે બોમ્બ વિસ્ફોટ અને ગોળીબાર થયો - ૭ નાં મોત.**
- **જયપુરમાં ૯૨ કરોડની સંપત્તિ વધુ આવકવાળી ઝડપાઈ જવેલર્સને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા.**
- **લંડનના વિમાનમથકે પાકિસ્તાનના વિમાનમાંથી બે શકમંદ વ્યક્તિઓની ધરપકડ કરાઈ - ફરજીયાત વિમાન ઉતરાણ કરાયું.**
- **ભુજથી આવતી લકઝરી બસમાં ૧૫ લાખની ઉઠાંતરી.**
- **ખેડા જિલ્લામાં આણંદ-બાલાસિનોર સહિતના જૈન દેરાસરોમાં ચાંદીના દાગીના ચોરાયા.**
- **છત્તીસગઢમાં બસ ડ્રાઈવરો બેમુદતી હડતાળ પર.**
- **પાકિસ્તાનમાંથી ૪૯ ગુજરાતી માછીમારોને મુક્ત કરાયા. ગુજરાત પાછા આવશે.**
- **મેચ ફીક્સીગમાં હજુ વધુ માથાં ઝડપાશે તેવી શકયતાઓ.**
- **પાકિસ્તાનમાં બસ દુર્ઘટનામાં બસ સળગતાં ૧૩ બાળકોનાં મોત.**
- **હજારો કિલો કાર્બાઈડથી પકવાતી કેરીનો નાશ કરતું તંત્ર**
- **આર.ટી.ઓ દ્વારા ૩૦ દિવસમાં વાહન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત.**
- **ઉત્તરપ્રદેશમાં બાળકનો બલી ચઢાવાયો.**
- **સેબીને મજબુત બનાવવા વડાપ્રધાનનું સુચન.**
- **રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને ગેસનો વિશાળ જથ્થો મળ્યો.**